# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૧/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 3567-5 તારીખ: 22-5-19

રજી. એડી. પત્ર

પ્રતિ,

પરમાર જયંતીભાઈ ફૂલચંદભાઈ

ગણેશ ઓઈલ ડેપો,( પરમાર નો વાડો), રામવાડી પાસે, કેશોદ,

તા. : કેશોદ, જી. : જુનાગઢ- ૩૬૨૨૨૦,

મોબાઈલ : ૯૩૨૮૭૧૫૦૩૯

વિષય : નવું વાણીજ્ય જોડાણ મેળવવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૩-૦૩-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૭૧/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય. આપના સહકાર સહ. આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

2લ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કેશોદ.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કેશોદ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૧/ક્વા-૪/૨૦૧૮-૧૯/** 3567-5 **તા.** 22-5-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૭૧/ક્વા-૪/૨૦૧૮-૧૯

| | |
|---|---|
| અરજદાર: | પરમાર જયંતીભાઈ ફૂલચંદભાઈ ગામ: કેશોદ |
| રજૂઆત કરનાર: | અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે તેમના પુત્રો રૂપેશભાઈ જયંતીભાઈ પરમાર તથા મયંકભાઈ જયંતીભાઈ પરમાર હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – કેશોદ |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઇજનેર આર.જી. ગોવાણી, વિભાગીય કચેરી – કેશોદ |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી – જુનાગઢ |
| તારીખ: | ૧૪ -૦૫ -૧૯ |

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૪ -૦૫ -૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર પરમાર જયંતીભાઈ ફૂલચંદભાઈ. ગામ: કેશોદ.– તેઓની અરજી ના નોધણી નંબર :૭૧/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ મા જણાવે છે કે, તેઓની વડીલો પાર્જીત મીલકત માં વર્ષો પહેલા મીલકત ની વહેચણી થઈ ગયેલ હોય, અરજદાર ના ભાગે ૦૨ દુકાન આવેલ છે. જે દુકાન પૈકી ૦૧ દુકાન ભાડે આપેલ હતી જે નામદાર કોર્ટ કેશોદ – એડી. સીવીલ જજ સાહેબ ની કોર્ટ ના રે.દી. નં ૫૮/૨૦૧૪ માં સને ૨૦૧૬ માં તા.૧૪–૦૩–૧૬ થી નામદાર કોર્ટે સદર દુકાન નો કબ્જો સોપેલ છે, અને જે તે સમયે બાકી ના તમામ વારસદારો એ વહેચણી નુ સોગંદનામુ નામદાર કોર્ટ માં રજુ થયેલ છે, જે મંજુર રાખેલ છે. ત્યારબાદ, અરજદાર ની દુકાન જે સર્વે નંબર: ૫૪ માં આવેલ છે. તેમા કોમર્શીયલ હેતુ માટે વીજજોડાણની માંગણી કરાતા – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ કે સદર વીજજોડાણ માટે અરજદાર ના ભત્રીજાએ વાંધા અરજી આપેલ છે. જે બાબતે અરજદારે જણાવેલ કે સદર દુકાનમાં તેઓ( વાંધા લેનાર) નો કોઇ અધિકાર ન હોય, વાંધા અરજી નાયબ ઈજનેર શહેર –કેશોદ ને સ્વીકારવાની થતી નથી. તેમજ, ઈરાદા પૂર્વક તેઓને વીજજોડાણ થી વંચીત રાખતા હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી જયંતીલાલ ફુલચંદ પરમાર દ્વારા તેમને ગામ કેશોદ ના - સર્વે નં.૫૪ નવું વાણીજ્ય વિજ કનેક્શન ના સંદર્ભ માં શ્રી પ્રદીપકુમાર મણીલાલ પરમાર દ્વારા તા.૦૮.૦૨.૧૯ ના રોજ જે વાંધા અરજી પાઠવેલ છે તેમાં જણાવેલ રે.દી.મુ.નં.૧૨૯/૨૦ ખરેખર ૧૨૯/૨૦૧૬ હોઈ તે મુજબ વાંચવું. વાંધા અરજદાર દ્વારા રે.દી.મુ.નં. ૧૨૯/૨૦૧૬ સર્વે નં.૫૩ પર આવેલ ફરિયાદ પક્ષની મજિયારી રહેણાંક મકાનની મિલકત બાબતે અસ્તિત્વમાં આવેલ છે. જે શ્રી જયંતીલાલ ફુલચંદ પરમાર દ્વારા સર્વે નં. ૫૪ પર આવેલ દુકાનની વિવાદિત વિજ જોડાણ ની જગ્યા ની સાથે સંબંધિત નથી કે તેને લાગુ પડતો નથી

3.૧ ઉપરોક્ત બાબતે શ્રી જયંતીલાલ ફુલચંદ પરમાર દ્વારા તેમની સ્વતંત્ર માલિકી પુરવાર થાય તેવો કોઈ આધાર પુરાવો રજુ કરાયેલ નથી. સદર કેસમાં વાંધા અરજી સાથે રજુ કરાયેલ ના પ્રોપર્ટી કાર્ડ શ્રી ફુલચંદ પરમાર ના છ (૬) પુત્રો અને તેમના વારસદારોના નામે છે. વળી ઉપરોક્ત સર્વે નં.૫૪ મા આવેલ જગ્યાની માલિકી બાબત શ્રી જયંતીલાલ ફુલચંદ પરમાર દ્વારા કોઈ Probate (વસિયત નામું) રજુ કરાયેલ નથી. આમ આ કેસમાં વિવાદિત વિજ કનેક્શન વાળી જગ્યાની માલિકી સ્થાપિત કરવા અરજદાર શ્રી જયંતીલાલ ફુલચંદ પરમાર દ્વારા legally valid Probate (વસિયત નામું) અથવા સર્વે નં.૫૪ ના પ્રોપર્ટી કાર્ડમાં દર્શાવેલ તમામ ભાગીદારો અને જે ભાગીદારો હયાત ન હોય તેવા તમામ ભાગીદારોના તમામ વારસદારો તરફથી અરજદાર શ્રી જયંતીલાલ ફુલચંદ પરમાર ને સર્વે નં.૫૪ પરની જગ્યા પર આવેલ દુકાનમાં વાણીજ્ય વિજ વપરાશનું વિજ કનેક્શન આપવામાં આવે તો તેમને કોઈ વાંધો હરકત નથી તે બાબતની સંમતી રૂ.૧૦૦ ના સ્ટેમ્પ પર નોટરાઈઝડ (એફીડેવીટ) રજુ કર્યે કંપનીના ધારા ધોરણો અને નિયમાનુસાર શ્રી જયંતીલાલ ફુલચંદ પરમાર ને ઉપરોક્ત સ્થળે વિજ કનેક્શન આપવા અંગે ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## :: હુકમ ::

૪.0 અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, વિવાદાસ્પદ મીલ્કત હોય, તેમજ શ્રી ફુલચંદભાઈ પરમાર જે હાલમાં હયાત નથી, આ સંજોગોમાં અરજદાર શ્રી જયંતીભાઈ ફુલચંદભાઈ પરમાર દ્વારા સદર મીલકત અંગે કાયદેસરનુ પ્રોબેટ (વસીયતનામું) રજુ કર્યા બાદ, આ વાણીજય જોડાણ રીલીઝ કરી શકાય, અન્યથા ફુલચંદભાઈ પરમારનાં કાયદેસર ના વારસદારો – તેમજ, જે વારસદારો હયાત નથી, તેમના કાયદેસરના તમામ વારસદારો દ્વારા રૂ.૧૦૦/– ના નોટરાઈઝ કરેલ ઓરીજીનલ એફીડેવીટ કે જેમા તમામ વારસદારોનુ – સદર મીલકતમાં પીજીવીસીએલ તરફથી ઈલેક્ટ્રીકલ જોડાણ આપવામા કોઈ જ વાંધો કે તકરાર નથી, તેવુ જરૂરી સંમતીપત્ર રજૂ કર્યા બાદ, આ વાણીજય જોડાણ રીલીઝ કરી શકાય. તે મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.

૪.૩ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

71-04-18-19